નં. ૩૪-૧-૨૦૧૭/ટેક્ષ/ ૧૫૯૨
દીવ મ્યુનિસિપલ કાઉન્સીલ,
દીવ. તા. ૦૧/૧૨/૨૦૧૭

# ટેન્ડર નોટીસ

આથી રસ ધરાવતા આસામીઓને જાણ કરવામાં આવે છે કે આ કાઉન્સીલ તરફથી ઘોઘલા ગણેશનગરના મેદાનમાં આગામી દીવ ફેસ્ટીવલ-૨૦૧૭ માં યોજનાર આનંદ મેળામાં ઉભી તથા આડી ચકડોર તથા અન્ય (રાઇડ) રાખવા માંગતા આસામી પાસેથી સીલબંધ કવરમાં ભાવ માંગવામાં આવે છે.

## શરતો

૧. ઉભી તથા આડી ચકડોર તથા અન્ય (રાઇડ) નાખનારે રૂા. ૫૦૦/- ટેમ્પરરી ઈલેકટ્રીક કનેકશન મેળવવા માટે આ કાઉન્સીલમાં ભરવાના રહેશે અને આ કનેકસન મેળવવા માટે ઈલેકટ્રીકસીટી ડીપાર્ટમેન્ટ, દીવમાં તથા બીજી સરકારી કચેરીને લગતી દરેક કાર્યવાહી પોતે કરવાની રહેશે.

૨. આ પરમીશન અંગેની જે કઇ કાયદેસર ફી ભરવાની થશે તે ઉભી તથા આડી ચકડોર તથા અન્ય (રાઇડ) નાખનાર વ્યકિતની રહેશે.

૩. ઉપરોક્ત ભાવ ભરનારે અનુભવના પ્રમાણપત્ર (જે રજીસ્ટર થયેલ સંસ્થા તથા સરકારશ્રી દ્વારા યોજાયેલ મેળાના હોવા જોઇએ) સામેલ કરવા ફરજીયાત છે, તેમાં સ્થાનિક રાજયના પાંચ વર્ષનો અનુભવ દર્શાવતા પ્રમાણપત્રોની નકલ તેમજ સ્થાનિક રાજયની બહારના રાજયોના બે વર્ષનો અનુભવ દર્શાવતા પ્રમાણપત્રોની નકલ સામેલ રાખવાની રહેશે.

૪. ભાવ ભરનારે ટેન્ડર ફી ની રકમ રૂા. ૫૦૦/- ડીમાન્ડ ડ્રાફટ દ્વારા ભરવાના રહેશે.

૫. ભાવ ભરનારે ડીપોઝીટ પેટે રૂા. ૫૦,૦૦૦/- એફ.ડી.આર. ના રૂપે ભરવાના રહેશે.

૬. ભાવ ભરનારે પોતાના રહેણાંકના તથા ભુતકાળમાં યોજાયેલ મેળાના અનુભવના ફોટા સાથે આધાર પુરાવા રજુ કરવાના રહેશે.

૭. પ્રથમ આસામીને આ મેળાનો ઓર્ડર/પરવાનગી મળ્યેથી રૂા. ૫૦,૦૦,૦૦૦/-થી વધારાનો વીમો કઢાવો ફરજીયાત રહેશે.

૮. લાગતી-વળગતી કચેરીમાંથી પર્ફોમન્સ લાયસન્સ મેળવ્યા પછી જ મેળાનો ઉપયોગ કરવાનો રહેશે.

૯. કોઇપણ જાનહાનિ કે નુકશાની થશે તે ઉભી તથા આડી ચકડોર તથા અન્ય (રાઇડ) નાખનાર વ્યકિતની રહેશે.

૧૦. ભાવ લેટરપેડ અથવા પ્લેન પેપર ઉપર અલગ સીલબંધ કવરમાં તથા શરત નં. ૩ થી ૯ના દસ્તાવેજ બીજા કવરમાં નાખી પોતાના સહી સિકકા સાથે, એક અલગ કવરમાં બન્ને કવર સીલબંધ કરી આપવાના ફરજીયાત રહેશે.

Scanned by CamScanner

૧૧. આ ભાવ દિવસ એક દીઠ આપવાનો રહેશે.

૧૨. આ ભાવ તારીખ ૦૬/૧૨/૨૦૧૭ના રોજ સાંજના ૫:૦૦ કલાકે આ કચેરીમાં પહોંચતા કરવાના રહેશે.

૧૩. આ ભાવ તા. ૦૭/૧૨/૨૦૧૭નાં સાંજના ૫:૦૦ વાગ્યે ખોલવામાં આવશે.

૧૪. કોઈપણ ભાવ માન્ય રાખવા કે અમાન્ય રાખવા તેનો અધિકાર નીચે સહી કરનારનો રહેશે.

વંદના રાવ 1.12.17

( વંદના રાવ )
ચીફ ઓફીસર,
દીવ મ્યુનિસિપલ કાઉન્સીલ, દીવ.

( હિતેષ જી. સોલંકી )
પ્રેસીડેન્ટ,
દીવ મ્યુનિસિપલ કાઉન્સીલ, દીવ.

Scanned by CamScanner